## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

આંખ અંદર જવું જોઈએ,
એક સપનું નવું જોઈએ !
પારકું ના ખપે કોઈ સુખ,
દર્દ પણ આપણું જોઈએ !

- સ્નેહલ જોષી

### પાથેય

- રમેશ ઠક્કર

## સપનાની નજાકત

કવિઓની વાત જ નિરાળી હોય છે...આપણે સહુ સ્વપ્ન જોતા હોઈએ છીએ... સપનાઓમાં શું ઊંડાણ હોય ? આપણે તો જીવીએ પણ ઉપરચોટિયું અને વિચારીએ પણ ઉપરછલ્લું..સપનું મનગમતું આવે અને એકધારું આવે એવી ગણતરી પણ હોય..કવિ જરાક ઉફરા ચાલતા હોય છે..એને સપનાનું પણ વૈવિધ્ય જોતું હોય છે..છીછરું કે આવીને તરત ભુલાઈ જાય એવું શમણું એને મંજુર નથી..એ છેક આંખના ઊંડાણ સુધી પહોંચે એવું એ ઈચ્છે છે.કવિ હોય એટલે કલ્પનાઓ તો એમના માટે સહજ હોય પણ અપેક્ષાઓની વાત આવે ત્યારે એ આપણી જેમ જ વિચારે છે.માણસમાત્રને વિવિધતા ગમે છે..એકધારાપણું હંમેશાં સહુ કોઈને અકળાવે છે..ઉઘાડી આંખે દેખાતું જગત જો વૈવિધ્ય હોય તો બંધ આંખે દેખાતાં સપનાં પણ નૂતન અને કલરફૂલ હોવાં જોઈએ એવું એમને લાગે છે.એકાદ સપનું તો એવું હટકે હોવું જોઈએ કે જે યાદગાર બની જાય.

સપનું એટલે કેવળ નિંદરમાં આવતું દ્રશ્ય નહીં પણ કોઈ એવી મધુર કલ્પના..મનગમતી સૃષ્ટિ..કે ઝૂકૃત થઈ જવાય એવો કોઈ ઉપહાર જો મળી જાય તો ? આપણે સહુ જાણીએ છીએ કે ગમતું એમ રમતું રમતું નથી મળી જતું ! જગતની કેટલીય અજાયબીઓ સ્વપ્રવત જ હોય છે..એમાં કશુંક અણધાર્યું મળી જાય એનો રોમાંચ જેવો તેવો નથી હોતો !

સપનાની બાબતે કશુંક અલગ શોધતા કવિને પરાયું કયાંથી ગમે ? એમને કોઈપણ સુખ પણ અન્ય એ આપેલું નથી જોતું..કલ્પના કે શમણું જેમ મનગમતું હોય પોતાનું હોય એમ ખુશીઓ પણ પોતીકી જ હોય એ જરૂરી છે.સુખની બાબતમાં એ આત્મનિર્ભર રહેવા માગે છે..આટલેથી અટકી જાય તો એ સામાન્ય માણસ બની જાય.પણ એ સર્જક છે એટલે દુ:ખની બાબતે પણ એ જ ધોરણ રાખે છે..દર્દ પણ અંગત અને પોતાનું જ હોય એવી એમને અપેક્ષા છે...કવિઓ કેવું કેવું વિચારતા હોય છે ? 'દુ:ખ આંસુ દર્દ ઊદાસી વેદના..જીવવા માટે જુઓ કેવો સરસ સામાન છે..'આવુ જયારે શેખાદમ આબુવાલા કહે છે ત્યારે એમાં કવિદ્રષ્ટિ ની સાથે મૌલિક દર્શન પણ રહેલું છે. આપણા અસબાબની યાદી માં મહદઅંશે ભૌતિક અને સ્થૂળ ચીજો ની ભરમાર રહેલી હોય છે.આપણો વૈભવ એટલે ધન સંપત્તિ ઐશ્વર્ય બંગલા નોકરચાકર....એવું બધું. પરંતુ બાહય રીતે આકર્ષક લાગતી આ સ્વપ્રસ?ષ્ટિ અંતે તો દુ:ખદાયી જ હોય છે..એનું સુખ ક્ષણિક અને સ્વાર્થમય સ્થંભો ઊપર આધારિત છે..સર્જક આવું સ્વીકારતા નથી.

આવા માણસોની વાત નિરાળી હોય છે.. 'પરેશાની જ રાહત છે.'એવું જયારે 'કલાપી' કહે છે ત્યારે એમાં ખુમારી પ્રગટે છે.આપત્તી જ માણસનું ઘડતર કરે છે..આપણી ઉપાધિ જયારે સમાધિ બની જાય છે ત્યારે એમાંથી જે અર્ક નિકળે છે એ સાચો જીવનસાર હોય છે..વિટંબણાઓ અને વમળો વચ્ચે વિકસતું વ્યકિતત્વ હંમેશાં વિરલ હોય છે..જગતનાં તમામ દર્દીઓને કવિ પોતાનાં માની એને વ્હાલ કરતો હોય છે અને એટલે એ રીતે જોઈએ તો તમામ દુ:ખો એને પોતાનાં જ લાગતાં હોય છે !

## ચૂંટણી ઘડિયાં લગનની જેમ આવી રહી છે

**તંત્રીસ્થાનેથી...**

આખરે ગુજરાતની ચૂંટણી વહેલી આવી રહી છે એવી નેતાઓથી લઈ મતદાતાઓ સુધી પ્રસરેલી દહેશત સાચી પડી છે. મોદી ઉત્તરપ્રદેશ સહિતનાં ચાર રાજયોનો વિજયોત્સવ માટે જન્મભૂમિમાં અકારણ નહોતા આવ્યા. એમનું મગજ સતત વિજય ગણિતમાં વ્યસ્ત રહે છે. કયારે કયાં, કેવો દાવ અજમાવવો એની બરાબર ચોકસાઈપૂર્વક ખાતરી કરાવતા રહે છે જેમાં સરકારની ગુપ્તચર એજન્સીઓથી લઈ ભાડે રાખેલી તજજ્ઞ મંડળીઓ ભારે જહેમત ઉઠાવી એમને વાસ્તવિક પરિસ્થિતિથી અવગત કરતી રહે છે. માત્ર અને માત્ર વિજય - એથી ઓછું કશું જ આ ઝુઝારું નેતાને ખપતું નથી. એ માટે એ છેલ્લામાં છેલ્લા દાવ ખેલી શકે છે, પછી એ નૈતિક રીતે વગોવાય તો પણ એ એમને વાંધો નથી. કોંગ્રેસને નષ્ટભ્રષ્ટ કરવા માટે એમણે કોંગ્રેસના જ સત્તાલાલસુઓને પકડ્યા અને રાતોરાત ભાજપના ખેસ પહેરાવી સત્તા પર બેસાડી દીધા. જયોતિરાદિત્ય સિંધિયાથી લઈ જિતિનપ્રસાદ અને ઘર આંગણે ગુજરાત વિધાનસભાના બાવળિયા જેવા કોંગ્રેસી નેતાઓ એનાં હોઠવગાં ઉદાહરણ છે. પાર્ટીની કમાન પણ તેઓ ચૂંટણી નિષ્ણાંત એવા મૂળે બિન ગુજરાતી સાંસદને સોંપી તત્કાલીન છકા-મકાની જોડી સામે સંગઠન જ વધુ બળૂકું છે એવું પ્રસ્થાપિત કરી શકયા હતા. આખેઆખી રૂપાણી સરકારને રાતોરાત કચરાટોપલીમાં પધરાવી દીધા પછી પણ 'પાર્ટી ડિસિપ્લીન'નો દંડો ઉગામીને મોદી-શાહ અને પાટીલની ત્રિપુટીએ તદ્દન બિનઅનુભવી અને જેમને સત્તાનું સ્વપ્ન પણ દોહ્યલું હતું એવા ધારાસભ્યોને મુખ્યમંત્રી પદ અને બીજાં મંત્રીપદો સોંપી દીધા. આ રાજકીય કુનેહ કરતાં એક જ નેતાના પ્રભાવનું શોધ્યું ન જડે એવું 'લોકતાંત્રિક' વિડંબનાનું દૃષ્ટાંત છે. જેવો જીતનો અણસાર મળ્યો કે તરત ગુજરાતમાં એની ઊજવણીના સંકેતાર્થો વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમનો 'બેઝ' ભૂલ્યા નથી. એમણે પહેલાં ગુજરાત સર કર્યું હતું. ગુજરાત મોડેલને આખા દેશમાં પ્રસિદ્ધિ અપાવી એમણે દિલ્હીની ગાદી હસ્તગત કરી. દિલ્હી બહાર તો બીજી સત્તા ભારતીય નેતા માટે છે નહીં ! જો એવી મુક્ત વ્યવસ્થા ઊભી થાય તો મોદીનું હવે પછીનું ટાર્ગેટ વોશિંગ્ટન હોય, એમાં શંકાને સ્થાન નથી. દિલ્હીનું સિંહાસન કે મયૂરાસન બચાવવા એમણે કાશી વિશ્વાનથ, અવધપતિ રામ અને કૃષ્ણ સહિતના દેવીદેવતાઓ તથા બાબાઓના અખાડા અને ગંગામૈયાનું શરણું લીધું જે એમને ફળ્યું છે. પાકિસ્તાન પરથી એરસ્ટ્રાઈક અને કાશ્મીર સમસ્યાનો બાકીના દેશની પ્રજાને અપેક્ષિત ઉકેલ કે અયોધ્યા ચુકાદો, ત્રિપક તલાક વગેરે માત્ર ને માત્ર મોદીશાસનમાં જ શક્ય હતા. સોનિયા ગાંદીનાં કોઈ મૂળિયાં જ નથી આ દેશમાં, છતાં કોંગ્રેસીઓ એમને પ્રમુખ સ્થાને બેસાડીને પોતાનું જ નુકશાન વહોરી રહ્યા છે. જી-૨૩ના વરિષ્ઠ નેતાઓનો બળાપો સાચો અને સમયસરનો હતો પરંતુ ગાંધી પરિવાર કોંગ્રેસની કમાન છોડવા કોઈ પણ સંજોગોમાં તૈયાર નહીં જ થાય, એ હકીકત છે. કોંગ્રેસ વિવિધ ટુકડાઓમાં વહેંચાઈ ચૂકી છે. પંજાબ જેવા રાજયમાં એણે પોતાની જ ભૂલોની પરંપરાથી સત્તા સામે ચાલીને ઝાડુવાળાને પધરાવી દીધી છે. હવે દલિત-લઘુમતી અને આદિવાસી કે અન્ય પછાત વર્ગો કોંગ્રેસથી ધરાઈ ગયેલ છે. એક કાર્ટુનિસ્ટે પંજાનું વ્યુત્પત્તિકરણ ઝાડુમાં થતું દર્શાવ્યું છે, પણ ઝાડુવાળાનું એ ગજું નથી. નથી તો એની પાસે રાજયોમાં કોઈ 'બેઝ' કે નથી કેજરીવાલમાં મોદીની વાક્છટાં. એની બોડી લેન્ગ્વેજ કારટુન જેવી કે પછી બહુ બહુ તો સરકારી કર્મચારી કે અધિકારી જેવી જ છે. મનમોહનસિંહને તો કોઈ તળિયું જ નહોતું. લોકસભાની બેઠક જીત્યા વગર જ એક માણસ દેશનો 'સારો' વડોપ્રધાન પણ બની શકે, એ એમને જરૂર સિદ્ધ કરી બતાવ્યું પણ હવે શું ?

## લોક મેળે મેળે આવે ને મનમેળે જાય એનું નામ મેળો!



**આરપાર**
રાઘવજી માધડ

આપણે ઘણી વાતમાં હોળી સળગાવી એટલે કે આગ લગાડી,પારકા ઘરમાં કજિયો ઘાલ્યાના સંદ ર્ભમાં હોળીનો ઉલ્લેખ કરતા હોઈએ છીએ પણ હોળી-ધૂળેટી તો પ્રેમને પ્રગટ કરવાનો તહેવાર છે !

આ વખતે સીમ,ખેતર ને વનવગડે કામણગારો કેસૂડો સોળેય કળાએ ખીલ્યો છે.તેનું નીખરેલું સૌંદર્ય જેની સંવેદના સાબૂત હોય તેને તરબતર કરી દે.ફટકેલો ફાગણ ફૂલડે ફોર્યો છે.પ્રકૃત્તિએ નવા કલેવર ધારણ કર્યા છે...આવા વરણાગી વાયરા ને વિખેરાતા વખતે કોઈ ષોડશીના કુંવારા હૈયામાં પ્રેમની કુંપળ ન ફૂટે અથવા કલારસિકના કરકમલમાં પોતે પાળેલી ને પોષેલી કલાનો પ્રસવ ન થાય તો જ નવાઈ...

ફાગણી પૂનમ હોળી, હોલિકા દહનનો સપરમો દહાડો. ગામડા ગામનો આ તોફાની તહેવાર ગણાય. કોઈ ટંટા-તોફાન થવાની દહેશતથી ઘણાં ગામોમાં હોળી પ્રગટાવવાનું લગભગ બંધ થઈ ગયું છે. હોળી પ્રગટેતો કોઈ પ્રશ્ન નહીં પણ હોળી સળગે તે કોઈને પાલવે એવું નથી.પણ હોળીના દર્શન કરવા ઘર બહાર ન નીકળતી વહુઆરુ ગાડાઓમાં આવે,નાળીયેર હોમાય, સ્ત્રીઓ ફાગ ગાઈ..જુવાનીયાઓમાં હોળીમાં હોમાયેલું સળગતું નાળીયેર કાઢી લેવાની હોડ મંડાય..વળી,હોળીની ઝાળ કઈ દિશા તરફ છે તેનાં આધારે ગામ ની સારી-માઠી દશાનો વરતારો પણ નક્કી થાય...કારણ કે હોળાષ્ટકને પ્રકૃત્તિ સાથે સીધો સંબંધ છે.દરેક ગામ,પરગણાની પોતીકી પરંપરા સાથે જોડાયેલો આ તહેવાર મોટાભાગે તૂટી, છૂટી કે વછૂટી જવાના આરે આવીને ઊભો છે. તેમાં પાછો પાણી,લાકડા, ધુમાડો, કુદરતી રંગો...વગેરે ને સાંકળતો પર્યાવરણનો પ્રશ્ન સામે આવીને ઉભો રહ્યો છે.ત્યારે કયારેક આવી વરવીને વસમી વાસ્તવિકતા પણ રંગમાં ભંગ પાડતી હોય છે.માંહ્યલી મઝા અને મિજાજ માર્યો જતો હોય છે.મોટાભાગના તહેવાર હવે,વહેવારમાં વટલાઈ જવા લાગ્યા છે.અસલિયત અળગી થઈ ગઈ અને કૃત્રિમતા કારગત નીવડવા લાગી છે.મન વગરના તન જેવું અથવાતો પ્રાણ વગરના પંડ્ય જેવું ખાલી ને ખોખલું લાગવાં માંડ્યું છે.

હોળાષ્ટક બેસતાં જ અમુક વિસ્તારમાં મેળાનો માહોલ સર્જાય જાય છે.જ્યાં હોય ત્યાંથી સઘળા કામ છોડી વતન તરફ પ્રયાણ કરે છે.કોઈ પૂછે,મેળો એટલે શું,મેળો કોને કહેવાય?તો જવાબમાં કહે:મેળે મેળે આવે ને મેળે મેળે જાય એનું નામ મેળો ! આવા મેળાઓ એવી કોઈ મંજૂરીની મહોર વગર પરંપરાગત રીતે ભરાય ને મનભરી ઉજવાય રહ્યા છે.ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં ફાગણીયા ફટાણા,પાવા-પાવટી,રાવણહથ્થા,ત્રાંબાળુ ત્રાંસા ઢોલ...સાથે જયારે નરવોને ગરવો કંઠ વહેતો કરે ત્યારે કેસુડાં તો હોંકારો દે સાથે ડુંગરા પણ ડોલવા લાગે ! કારણ કે ડુંગરેડુંગરે મુગ્ધયૌવન હિલ્લોળે ચઢ્યું હોય છે...ડુંગરાને દેવ માનનારી આ મોજીલી પ્રજા ખાસતો પ્રકૃત્તિને પૂજે છે.તેઓના દ્વારા વનીલ કે વગડાઉ વતનમાં પર્યાવરણ નું જતન એતો સ્વયભું થતું ને સચવાતું રહે છે.કોઈ શિક્ષિત ક્યારેક સલાહ આપી છૂટી જાય છે ને આ લોકો તો સદૈવ સ્વેચ્છાએ પ્રકૃત્તિ સંરક્ષણને આચરણમાં મૂકે છે.


ફાગણી પૂનમના દિવસે ખાસતો છોટાઉદેપુર બાજુનો 'ગૈરહ્નનો મેળો નજર સામે તાદ્રશ્ય થઈ ઊઠે છે.આ મેળામાં નાચવા-ગાવાનો લ્હાવો લેવા છેક રાજસ્થાન,મહારાષ્ટ્ર વગેરે રાજ્યોમાંથી પણ લોકો આવે છે.તેમાં સુખ-દુ:ખની આપ-લે સાથે લગ્ન-સંબંધી વ્યવહારની વિગત વહેંચાય.વળી માલ-સામાનની લેવડ-દેવડ પણ થાય. આમ જીવનરીતિ કે નીજી સંસ્કૃત્તિ સાથે જોડાયેલો આ તહેવાર છે.

આ મેળામાં 'ગેરીયો' બને તે શરીર પર ઝાડ-પાન બાંધે,કમરે તુંબડું લટકાવે,ગળે ઘુઘરા રાખે, માથે મોરપિચ્છ સાથેની વાંસની ટોપી ને શરીરે કાળા-ધોળા રંગના ટપકાં કરે.હાથમાં તીર કામઠું લઈ આ ગેરીયો ઢોલના તાલે નૃત્ય કરતો યુવતીઓને રીઝવવાનો પ્રયન્ત કરે...જેનાથી આખો મેળો જીવંત બને !

આપણે ભલે કોઈ શહેરમાં વસવાટ કરતા હોઈએ, હોદ્દા સાથે વિશેષ લાયકાતનું છોગું હોય પણ આપણા કુળ ને મૂળતો ગ્રામીણ સંસ્કૃતિમાંથી પ્રગટ્યા છે. વાર-તહેવારે જીવ વતનમાં જઈને ઉભો રહે છે. પણ ત્યાં હવે ઘણું બદલાયું છે,હતું એવું કાંઈ રહ્યું નથી.ત્યારે દરેક તહેવાર યથામતિ ને સ્થિતિ પ્રમાણે અંતરમાં પ્રગટાવવાને અને મઝા માણવા માટે હોય છે...ધૂળેટીની રંગબેરંગી શુભેચ્છાઓ !

**છેલ્લે :**
સ્નેહ અને સુગંધને છૂપાવ્યા છૂપાતા નથી પણ આપોઆપ ઓળખાય જાય છે.

### દિન મહિમા



- રમણભાઈ નિલકંઠની જન્મજયંતિ - ગુજરાતી નવલકથાકાર, નિબંધકાર

આજનું
### ઔષધ

- ધાણા, વરિયાળી અને સાકર સરખે ભાગે લઈ તેનું ચૂર્ણ બનાવી રોજ જમ્યા પછી પાણી સાથે લેવાથી આંખના દર્દો મટે છે.

### ખડખડાટ

- ભૂરો : તું ક્યાંનો છે ?
માઈકલ : યુગાન્ડા.
ભૂરો : હું નહીં તું ગાંડો ડોબા.

આજનો
### વોટ્સએપ

- ગઈકાલ પર રડે નહીં અને આવતીકાલથી ડરે નહીં એ માણસ જિંદગીમાં ક્યારેય પાછો પડે નહીં.

## "ગંગુબાઈ કાઠિયાવાડી" માંથી યુવાનો શું શીખશે ? જાણો



**મોરપીંછના રંગ**
ડો. કનૈયાલાલ ભટ્ટ

આ હાઈટેક સુપરપાવર યુગમાં જીવતા આપણે સૌ ખૂબ જ નસીબવાન છીએ કે આજની તારીખમાં "ગંગુબાઈ કાઠિયાવાડી" જેવી ફિલ્મ બની રહી છે અને એ પણ એક ગુજરાતી દિગ્દર્શક દ્વારા. આમ જોઈએ તો મારી દષ્ટિએ ફિલ્મ પણ એક સાહિત્યનો જ પ્રકાર છે. એક લેખક સારી કે નબળી નવલકથા કે વાર્તા કે નાટક કે લેખ લખે છે એમ એક દિગ્દર્શક સારી કે નબળી ફિલ્મ બનાવે છે. ફર્ક એટલો છે કે ફિલ્મ રૂપિયા કમાવવા માટે બનાવાય છે એટલે એમાં કલાત્મકતા ઓછી હોય છે અને નવલકથા,વાર્તા કે નાટક નામના મેળવવા માટે લખાય છે. એટલે એમાં જો લેખકમાં આવડત હોય તો કલાત્મક કૃતિ લખી શકે છે બાકી કોઈપણ જાતના ગ્રેડ વિનાનું સાહિત્ય લખાતું – છપાતું તો રહે જ છે.

"ગંગુબાઈ કાઠિયાવાડી" ના સર્જક છે સંજય લીલા ભણસાલી. હિંદી ફિલ્મોનો એક દિગ્ગજ ગુજરાતી દિગ્દર્શક. જેમણે ખામોશી (૧૯૯૬). "હમ દિલ દે ચૂકે સનમ (૧૯૯૯) દેવદાસ (૨૦૦૨) સાંવરિયાઁ (૨૦૦૭), ગુજારિશ (૨૦૧૦) બ્લેક, બાઝીરાવ મસ્તાની (૨૦૧૫) પદ્માવત(૨૦૧૮) રામલીલા (૨૦૧૩), જેવી અનેક સુપરહીટ ક્લાસિક ફિલ્મો આપણને આપી છે.

"ગંગુબાઈ કાઠિયાવાડી" આમ જોઈએ તો એક વેશ્યાના જાહેર જીવનની કથા છે. પણ એના કામ પાછળનું સત્ય અહી કલાત્મક રીતે પ્રસ્તુત કરવામાં આવ્યું છે. વેશ્યાઓના જીવન ઉપરથી અનેક સી ગ્રેડ કે એનાથીએ નીચેની કક્ષાની ફિલ્મો આપણે ત્યા બની છે. પણ આ "ગંગુબાઈ કાઠિયાવાડી" ને એ રીતે જોવી કે સમજવી એ સમગ્ર કલાજગતનું અપમાન લેખાશે. કેમ કે આ ફિલ્મ માત્ર ગંગુબાઈની કહાની નથી કે નથી માત્ર વેશ્યાજીવનની રંગીન તસવીરોની કથા. આ ફિલ્મ તો છે ૨૧મી સદીની માયાજાળમાં ફસાઈ ગયેલી આપણી ભારતીય યુવાપેઢી માટે મોટિવેશનનો મહાકુંભ, પ્રેરણાની ધસમસતી નદી અને સાહસ અને ઊર્જાથી છલકતો દરિયો. કેમ કે ગુજરાતના કાઠિયાવાડની એક મૌગ્ધ્ય યુવતી ગંગા હરજીવનદાસ કે જેને હજારો લાખો યુવતીઓની જેમ ફિલ્મની હિરોઈન બનવાનું સપનું છે અને તે તેના પ્રેમી રમણીક ઉપર ભરોસો કરીને ઘર છોડીને મુંબઈ ભાગી જાય છે અને પ્રેમી એને માત્ર રૂપિયા એક હજારમાં બદનામ ગલી કમાટીપુરાની એક પેશાવર વેશ્યા શીલાને વેચી દઈને ભાગી જાય છે. અને પછી શરુ થાય છે પવિત્ર ગંગામાંથી ગંગુબાઈ બનવા સુધીની દૈહિકયાત્રાના સોદાઓ. . દુનિયાની કોઈપણ સ્વપ્રિલ સોળ વર્ષની છોકરીને આચાનક વેશ્યા બનવા માટે મજબૂર કરવામાં આવે તો વેશ્યાજીવન કાં મૃત્યુ – બેમાંથી એક જ રસ્તો પસંદ કરવો પડે. ગંગા – કોઠાનું વેશ્યાજીવન પસંદ કરીને જીવન જીવવાનો પડકાર ઝીલે છે. જીવે છે. હારતી નથી. અહીંથી શરું થાય છે એની અસ્તિત્વ માટેની જંગ. પહેલા તો પોતે જ પોતાની સાથે લડે છે. શરીર અને મનને કારમી પીડા આપીને પણ પોતે પોતાની સામે જીતે છે. અને ધીમે ધીમે આજુબાજુના વિસ્તારોમાં એની સુવાસ પ્રસરે છે.

એ વેશ્યાજીવનમાં માંડ સેટ થાય છે ત્યા આવે છે શૌકત પઠાણ – જે કોઠા પર આવીને ગંગુબાઈ ઉપર બેરહમીથી બળાત્કાર કરે છે. અને ગંગુને લોહીલૂહાણ કરી મૂકે છે. એક તરફના ખભાથી લઈને બીજી તરફની કમર સુધીના આખા શરીરમાં ઝખ્મો કરી મૂકે છે. આ શૌકત પઠાણ અંડરવર્લ્ડ ડૉન કરીમલાલાનો માણસ હોવાથી ગંગુબાઈ સીધી કરીમલાલાની મદદ માંગે છે અને ગંગુનો આત્મવિશ્વાસ, નીડરતા અને હિંમત જોઈને કરીમલાલા પ્રભાવિત થાય છે અને ગંગુને બહેન માનીને શૌકત પઠાણને પુરો કરે છે. બસ ત્યારથી ગંગુબાઈનો દબદબો આખા કમાટીપુરામાં વધવા લાગે છે. અન્યાય સામે અવાજ ઉઠાવવો, પોતાના હક્ક માટે મૌસીથી લડવું, વેશ્યાઓના મનને પણ ઓળખવું અને એમની સંવેદનાઓને વાચા આપવાની પ્રવૃત્તિથી ગંગુબાઈ આખા વિસ્તારમાં લોકપ્રિય થતી જાય છે. કોઠાની બૉસ શીલામૌસીના મૃત્યુથી ગંગુબાઈને બધી વેશ્યાઓ પોતાની લીડર પણ બનાવી દે છે.

આ બધાની વચ્ચે ગંગુબાઈને એક મુસ્લિમ યુવક સાથે પ્રેમ પણ થાય છે. જે એની સાથે લગ્ન કરવા પણ તૈયાર હોય છે પણ પોતાની ચાલીની એક વેશ્યાની ચૌદ વર્ષની કુંવારી છોકરી વેશ્યા ના બને એ માટે પોતાના પ્રેમનો ભોગ આપીને પોતાના પ્રેમી સાથે એ છોકરીના લગ્ન કરાવીને આખા કમાટીપુરાની બસ્તીના દિલ જીતી લે છે. અને એ સમયે ત્યા યોજાયેલી ચૂંટણીમાં જીતીને કમાટીપુરાની પ્રેસિડેન્ટ પણ બને છે. આ દરમિયાન સરકારી અધિકારીઓ દ્વારા નૉટિસ આપવામાં આવે છે કે કમાટીપુરા આખો વિસ્તાર ખાલી કરવો પડશે કેમ કે બાજુમાં રહેલી સેન્ટ એંથોની ગર્લ્સ હાઈસ્કૂલ અને પેરેન્ટ્સોએ ભેગા મળીને કૉર્ટમાં અરજી કરી હતી કે અહી ભણવા આવતી નાની નાની છોકરીઓના માનસ ઉપર ખરાબ અસર પડે છે. અને આ આખી વાત ગંગુબાઈ પોતાના બુદ્ધિકૌશલથી ઉકેલે છે. છેક એ વખતના ભારતના વડાપ્રધાન જવાહરલાલ નહેરુ સુધી જઈને આખો વિસ્તાર તો બચાવે છે પણ વેશ્યાઓની છોકરીઓને સ્કૂલોમાં ભણવાનો, બહાર લગ્ન કરવાનો અધિકાર પણ અપાવે છે.

એક વખત મુંબઈમાં આઝાદ મેદાનમાં મહિલાસશ્ક્તિકરની એક જાહેર સભા હતી જેમાં એક પત્રકારની મદદથી ગંગુબાઈને ત્યા ગેસ્ટ તરીકે નિમંત્રિત કરવામાં આવેલ અને ગંગુબાઈનું આ વ્યાખ્યાન આખા દેશ અને દુનિયામાં હાહાકાર મચાવી દે છે. ગંગુબાઈ આરંભ કરે છે " કંવારી આપ લોગોને રહેને નહીં દિયા ઔર શ્રીમતી કિસીને બનાયા નહીં. આપ લોગોસે ઈજ્જત હમારે પાસ જ્યાદા હૈ ક્યોંકિ અગર આપકી ઈજ્જત એક બાર ચલી ગઈ તો કભી વાપિસ નહીં આતી ઔર હમારી ઈજ્જત સાલી રોજ રોજ જાતી હૈ ફિર ભી કમ હી નહીં હોતી. મે ઘરવાલી હું. ઘર તોડનેવાલી નહીં . સરહદ પર લડને વાલે સૈનિકો કી તરહ હમ ભી આપ સબ આદમીયોં કી વાસનાઓં સે લડતી હૈ, તબ જાકે સમાજ સૂરક્ષિત રહતા હૈ, તો ફિર હમે ઈજ્જત ક્યો નહીં ? જૈસે હરએક ઘરમે એક ટૉયલેટ જરૂરી હૈ જહા સભી લોગ અપની ગંદકી નિકાલતે હૈ ઐસે હી હર એક શહરમેં એક રેડલાઈટ એરિયા ભી જરૂરી હૈ જહાઁ સભી મર્દ આકે અપની ગંદકી નિકાલ સકે ઔર સબ કા પરિવાર ચલતા રહે. " ગંગુબાઈની આ વાતોમાં સભ્ય સમાજના લોકોને નફ્ફટાઈ લાગે પણ કેટલું સત્ય છે એ સૌ જાણે છે.

આ ફિલમાં અનેક સંવેદનની ક્ષણોની કલાત્મક રીતે પ્રસ્તુતિ થઈ છે, કાવ્યાત્મક સંવાદો છે તો દિગ્દર્શનના કેમેરામાંથી એક એક અદભુત પેઈન્ટિંગ્સ જોતા હોઈએ એવી બોલતી તસવીરો આપણા મનને એકદમ

અનુસંધાન પાના નં. ૭ પર

## પાંચ રાજ્યોના ચૂંટણી પરિણામો : એડવાન્ટેજ ભાજપ !!!



**રજળપાટ**
અજય ઉપાધ્યાય

તારીખ ૧૦મી માર્ચ : એનડીટીવી પર શ્રી રવીશકુમાર કહી રહ્યા હતા કે ' બેરોજગારી, મોંઘવારી, કિસાન આંદોલન, કોરોનામાં સરકારી નિષ્ફળતા, જાતિવાદ, સાંપ્રદાયિક્તા.. આવા અનેકો મુદ્દા છતાં પણ ભાજપ ચાર રાજ્યોમાં સત્તા કબજે કરી રહી છે " રવીશકુમાર અને એના જેવા બીજા સો કોલ્ડ બુધ્ધિજીવીઓના ' યે કયા હુઆ..?? કબ હુઆ..? કૈસે હુઆ..???? ' વિચારી વિચારીને ફરી એકવાર માથાના વાળ ઊભા થઈ જાય એવા ચૂંટણી પરિણામો પાંચ રાજ્યોની ચૂંટણીમાં આવ્યા છે. રવીશકુમાર તો એક સેમ્પલ કેસ છે બાકી તો તાજેતરમાં આવેલા પાંચે રાજ્યોના ચૂંટણી પરિણામો અનેક લોકો જેમાં ભાજપ વિરોધીઓ ખાસ છે એમને વિચારતા અને અમુક અંશે હતાશ ને નિરાશ કરી મૂકે એમ છે. રવીશે જે મુદ્દાઓ ગણાવ્યા એ બરાબર છે એમાં ના નહીં પણ એને અને એના જેવા બીજાઓને એમ હતું કે આ બધા જ મુદ્દાઓ ભાજપ વિરુધ્ધ જવાના અને પાંચ રાજ્યોમાં અને એમાએ ખાસ તો યુપી માં ભાજપની કરારી હાર નક્કી છે એવા લોકો માટે ૧૦મી માર્ચનો દિવસ કાઢવો બહુ મુશ્કેલ થઈ પડ્યો.

આ જ જગ્યાએ ૨૩ જાન્યુઆરીના આર્ટિકલમાં લખેલું કે ૫૦-૭૦ સિટોના નુકશાન સાથે ભાજપ યુપીમાં સત્તા જાળવી રાખશે અને પંજાબમાં કેજરીવાલ બધા પર ભારી પડશે અને થયું પણ એવું જ. શરૂઆત સૌથી ચર્ચિત અને ચૂંટણીજંગમાં જેના પરિણામોની લોકોને વધુ ઉત્કંઠા હતી તે યુપી થી કરીએ. યુપીમાં ૧૯૮૫થી કોઈ સરકાર બીજીવાર જીતી શકી નથી એવામાં યોગીસરકાર માટે સત્તા રિપીટ કરવાનો બહુ મોટો પડકાર હતો અને આ પડકારમાં કિસાન આંદોલન, લખીમપુર કાંડ જેવા પડકારો ઉમેરાયા હતા. એન્ટિ ઈંક્મબંસીના ડર સીવાય યોગી સામે અખિલેશ સાથે કાંટાની ટક્કરની પણ ચૂનોતી હતી એવામાં યોગીને જીતવા માટે એક જ સહારો હતો અને એ હતો પોતાની સરકારે પાંચ વર્ષમાં કરેલ કામો. ૨૩ જાન્યુઆરીના મારા લેખનું ટાઈટલ જ હતું કે ' કામ જીતશે કે કાસ્ટ ? ' અને એનું કારણ પણ હતું કે જૂન જોગી અને યુપીની નાડ પારખનાર અખિલેશ એન્ડ કંપની કાસ્ટ ફેક્ટર સાથે યોગીને ભીડવવા તૈયાર હતી. પણ યોગી પાંચ વર્ષના પોતાના કામો અને ખાસ તો મોદીની લોકપ્રિયતા પર મુસ્તાક હતા. ભાજપ અને યોગીને વિશ્વાસ હતો કે જે રીતે યોગીએ યુપીમાંથી માફિયાઓનો સફાયો કરવાનું શરૂ કર્યું છે અને સાથે સાથે સુશાસન આપ્યું છે એનો પડઘો મતપેટીઓમાં પડશે જ.

અને થયું પણ એવું જ. બાવન સીટોના નુકશાન સાથે ભાજપ અને સાથી પક્ષો જીતી ગયા. યોગી હારે જ છે એવા અતિવિશ્વાસમાં ચૂંટણી પહેલા ભાજપ છોડી ગયેલા ઘણા હવે તો પસ્તાતા હશે જો કે અપેક્ષા મુજબ અખિલેશનું પ્રદર્શન પણ સારું રહ્યું. સપા અને સાથી પક્ષો ૭૭ સીટોના વધારા સાથે ૧૨૫ સીટો જીતવામાં સફળ રહ્યા પણ યોગીને હરાવી શક્યા નહીં. વિશ્લેષકો યોગીની આ પ્રચંડ જીતનું વિશ્લેષણ કરી રહ્યા છે એવામાં આ જીતનું સૌથી મોટું ફેક્ટર રહ્યું લોકોમાં સુરક્ષાની ભાવના. 'બુલડોઝર બાબા ' ના માફિયાઓ પર તૂટી પાડવાના સંકલ્પે લોકોમાં વિશ્વાસ જગાવ્યો એટલું જ નહીં પણ ગુનાખોરીથી ખદબદતા યુપી ને વિકાસની એક નવી દિશા પણ દેખાડી. રામમંદિર, વારાણસી જેવા ધાર્મિક વિકાસકાર્યોની સાથે સાથે અનેકો હાઈવે અને બીજા લોકઉપયોગી કાર્યોએ યોગીની સ્થિતિ મજબૂત બનાવી તો સામે છેડે કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓના સૌથી વધુ લાભાર્થી પણ યુપીમાં જ હતા જેનો પણ ફાયદો થયો.. મતદાનના આંકડા બતાવે છે કે મહિલાઓ અને યુવાનોએ ભાજપની તરફેણમાં નાત-જાત ભૂલીને મતદાન કર્યું છે. જે કાસ્ટ ફેક્ટર પર અખિલેશ યોગીને ભીડવવા માંગતા હતા એ કાસ્ટ ફેક્ટર યુપીમાં ઓછું ચાલ્યું છે અને એનું એક બીજું ઉદાહરણ છે કોંગ્રેસને મળેલી ૨ અને બસપા ને મળેલી માત્ર ૧ સીટ. કમાલ છે ને..? દેશના સૌથી જૂના પક્ષ કોંગ્રેસનું અસ્તિત્વ સાવ ભુસાઈ રહ્યું છે અને બસપા જેવા જાતિવાદ પર રચાયેલ પક્ષનું પણ.

યુપી જેવુ જ આંચકારૂપ રિઝલ્ટ આવ્યું પંજાબનું. જો કે જે લોકો રાજકારણને બરાબર જાણતા હોય એમના માટે આ કાઈ નવાઈ જેવુ નહોતું કેમકે પંજાબમાં ભાજપ સાથે છેડો ફાડ્યા પછીથી અકાલીદળ લગભગ નિષ્ક્રિય જેવુ જ હતું તો સામે છેડે સત્તાધારી કોંગ્રેસ સિધ્ધુ અને કેપ્ટનના ઝગડામાં દિશાહીન થઈ ગયેલું અને ભાજપ તો આમ પણ ત્યાં અકાલીના ટેકેદારના સ્વરૂપે હતું. પંજાબની જનતા આ બધી માથાકૂટથી કંટાળી ગયેલી અને બદલાવ ઝંખતી જ હતી એવામાં એની નજર આપ પર પડી. અને આમ પણ આપ પંજાબ માટે નવું નહોતું કેમકે ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં સીટો જીતવામાં આપ (૨૦) કોંગ્રેસ (૭૭)પછી બીજા નંબરે હતું જ. હવે જે પંજાબના મુખ્યમંત્રી બનવા જઈ રહ્યા છે તે ભગવંત માન ૨૦૧૪મા અને અત્યારે પણ પંજાબમાંથી જ લોકસભામાં ચૂંટાયેલા છે. મતલબ કે પંજાબમાં આપ પરાજય વચ્ચે તો હતું જ અને એટલે જ ૨૦૨૨ માં પંજાબની જનતાએ કોંગ્રેસની આંતરિક લડાઈથી કંટાળીને આપ ને બહુમતી સાથે તક આપી છે. કેજરીવાલ દિલ્હી મોડેલ પર પંજાબમાં પણ ફ્રી વીજળી અને બીજા વચનો આપી ચૂક્યા છે. એ બધા કરતાં પણ અગત્યનું એ છે કે પંજાબ સરહદી રાજ્ય છે એટલું જ નહીં પણ પાકિસ્તાન જેવા નાપાક દેશ સાથે એની સરહદ છે ત્યારે પંજાબમાં જે કોઈપણ સરકાર આવે એના માટે સરહદની સુરક્ષા મહત્વની રહેશે. આ ઉપરાંત આપ પર ખલિસ્તાનીઓને સ્પોર્ટ કરવાના આરોપો પણ લાગી ચૂક્યા છે એવામાં આપણે તો એક જ આશા રાખી કે પંજાબની જનતા ઉલમાંથી ચૂલમાં ના પડે તો સારું. આપ ની પંજાબમાં જવલંત જીતે એક બીજી પણ શક્યતા ખોલી આપી છે અને એ છે કોંગ્રેસના વિકલ્પ તરીકેની. આમ પણ કોંગ્રેસ હવે નામશેષ થતો જાય છે અને મમતા-અખિલેશ ક્ષેત્રીય બનતા જાય છે એવામાં દિલ્હી સીવાય પંજાબ જેવા મોટા અને અગત્યના રાજ્યમાં પણ સત્તા પર આવેલ આપ હવે રાષ્ટ્રીય સ્તરે ભાજપને ટક્કર આપવાની તૈયારીઓ કરી રહેલ છે.

યુપી અને પંજાબ સીવાય ઉત્તરાખંડ અને ગોવાના પરિણામો પણ નોંધનીય રહ્યા. ઉત્તરાખંડમાં પણ વારંવાર મુખ્યમંત્રી બદલતા ભાજપ માટે મુશ્કેલ સ્થિતિઓ હતી છતાં પણ તત્કાલીન મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીના અથાગ પ્રયત્નો અને મોદીની લોકપ્રિયતાને લીધે ભાજપ બહુમતી મેળવવામાં સફળ રહ્યું. જો કે મુખ્યમંત્રી ધામી હારી ગયા પણ ભાજપે સત્તા જાળવી રાખી તો ગોવામાં પણ ભાજપ સતત ત્રીજીવાર સરકાર બનાવશે તો મણીપુરમાં પણ ભાજપ એકલે હાથે સરકાર બનાવશે. પાંચ રાજ્યોના આ પરિણામો દેશની રાજનીતિ પર વ્યાપક અસર કરશે એ નક્કી છે. એક તો મોદી-શાહ પછી ભાજપમાં યોગીનું કદ વધશે ઈન્ફેકટ ઘણા તો યોગીને મોદીના ઉત્તરાધિકારી પણ માની રહ્યા છે તો કેજરીવાલ કોંગ્રેસના વિકલ્પે આપ ને બીજા રાજ્યોમાં પણ પ્રોજેક્ટ કરવાની કોશિશ કરશે. ગુજરાતમાં આ કોશિશ ઓલરેડી ચાલુ થઈ ચૂકેલી છે. જ્યાં જ્યાં કોંગ્રેસ નબળી છે ત્યાં ત્યાં આપ ને ફાયદો થવાની શક્યતા છે તો યુપીના પરિણામો પછીથી આવનારી ચૂંટણીઓમાં હિન્દુત્વ વધુ મહત્વનો મુદ્દો બનીને આગળ આવશે અને આ મુદ્દો માત્ર ભાજપ જ નહીં પણ બીજા પક્ષોએ પણ અપનાવવો પડશે. તુષ્ટિકરણ આવનારી ચૂંટણીઓમાં ભૂતકાળ બની જવાનું એ નક્કી છે એટલું જ નહીં પણ કાસ્ટ ફેક્ટર પર વિકાસકાર્યો ભારે પાડવાના એ પણ નક્કી છે. બંગાળની હાર પછી ભાજપને આ જીત બુસ્ટર ડોઝ આપશે તો ૨૦૨૨ મા ગુજરાત-હિમાચલ અને ૨૦૨૩ મા કર્ણાટક, રાજસ્થાન, એમપી જેવા મોટા રાજ્યોની ચૂંટણીઓમાં વધુ જોશથી ઉતરશે. કોંગ્રેસ અને બીજા વિપક્ષો લગભગ તીતરબિતર થઈ ચૂક્યા છે એવામાં ૨૦૨૪ માં ભાજપને એકતરફી લીડ માટે આ ચૂંટણી પરિણામો ચોક્કસપણે મદદરૂપ થવાના એ નક્કી છે.

- akurjt@gmail.com